**<u>વડોદરાના મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ , બીજી કોર્ટ, સાહેબશ્રીની કોર્ટ.. મુ. વડોદરા.</u>**

<u>ક્રિમીનલ કેસ નંબર ૧૭૫૭/૨૦૧૭</u>
આંકઃ–

ફરીયાદીઃ– સરકારશ્રી

**<u>વિરૂદ્ધ</u>**

આરોપી/ઓઃ– જયકિશન અંબારામ આસાની.
રહે. મકાન નં. ૨૦૭, પ્રાર્થના ફ્લેટ પાસે,
વારસીયા રીંગ રોડ, વડોદરા.

બાબતઃ પ્રોહીબીશન એકટની કલમ– ૬૬(૧)બી, ૮૫–૧–૩ મુ.

**<u>ચુકાદો</u>**

(૧) ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ પ્રોહીબીશન એકટની કલમ– ૬૬(૧)બી, ૮૫–૧–૩ મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે.
(૨) આજરોજ સ્પેશીયલ સીટીંગમાં આરોપી હાજર થતાં પોલીસ પેપર્સની નકલો પુરી પાડી ગુના કબુલાત પુરશીસ રજુ કરતાં અને પ્લી કરતાં, આરોપીએ સ્વેચ્છાપૂર્વક ગુનાની કબુલાત કરેલી છે.
(૩) આરોપી તરફે રજુ થયેલ ઉપરોકત ગુના કબુલાત પુરસીસ સ્વૈચ્છીક હોઇ તે નોંધી પરંતુ, આરોપીની સદરહું કબુલાત તેમના વિરૂધ્ધનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આરોપીઓને આપવામાં આવેલ છે. તેમ છતાં આરોપી રાજીખુશીથી ગુનો કબુલ કરેલ છે તેવી કોર્ટે ખાતરી કરેલ છે. આ કામના આરોપી કુટુંબ કબીલાવાળા ઇસમ છે અને તેઓ કુટુંબના કમાનાર ઇસમ છે તથા તેઓનો પ્રથમ ગુનો છે. આરોપીની સામાજીક તેમજ આર્થિક પરિસ્થિતિને ધ્યાને લઇ તેમજ ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત સિંધ્ધાતોને ધ્યાને લેતાં આરોપી સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતા હોઇ, આરોપીની આ કબુલાત હું સ્વીકારૂં છું અને આરોપીને તેમનીસામેના ગુનામાં તકસીરવાન ઠરાવું છું. પરંતુ, આરોપીની કબુલાત તેમજ કેસની હકીકતોને ધ્યાને લેતાં, આરોપી યોગ્ય રકમનો દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઇ રહેશે તેમ માનું છું. જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમઃ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી પ્રોહીબીશન એકટની કલમ– ૬૬(૧)બી, ૮૫–૧–૩મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/–( અંકે રૂપીયા સો <u>પુરા</u>) ના દંડની સજા ફરમાવુ છુ અને જો આરોપી દંડ ના ભરે તો આરોપીએ દિન–૦૭ ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

હુકમ આજરોજ તારીખઃ ૧૩ મી, માહે–જુલાઇ, સને ૨૦૧૯ ના રોજ સ્પેશ્યલ સીંટીગમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૧૩–૭–૨૦૧૯
***વડોદરા.***
ડી.જે.વાણીયા/ પી.એ.

**( પરવેઝહુસેન સાબીરહુસેન સિન્ધી )**
***જયુડી. મેજી. ફ.ક.,બીજી કોર્ટ,***
**વડોદરા.**
*કોડ નં. જી. જે. ૦૦૯૮૨*